# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર)

# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,રાજકોટ

SAG સ્પોર્ટસ કોમ્પલેક્ષ, વિમલનગર મેઇન રોડ, પ્રેમમંદિર પાસે, રાજકોટ.

E-mail id- dsorajkotcity32@gmail.com મો.૯૭૩૭૧૬૦૦૬૬


જાવક નં : જરપ્રક/ખેમકું-૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૫૭ થી ૪૮૦૫ તા:૦૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ.
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ.
ગુજરાત રાજય.

વિષય:- ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત **રાજયકક્ષા ટેબલટેનીસ ઓપન એઇઝ, ૪૦ અને ૬૦ વર્ષથી ઉપરના ભાઇઓ-બહેનો** સ્પર્ધા કાર્યક્રમની જાણ કરવા બાબત.

સંદર્ભ:- એસ.એ.જી.ગાંધીનગરના પત્ર ક્રમાંક-એસએજી/ખેમકું૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૨ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીના, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત અને ખેલ મહાકુંભ રાજકોટ મહાનગરપાલીકા અમલીકરણ સમિતિ દ્વારા સંચાલીત ખેલ મહાકુંભ-૨૫ અંતર્ગત **રાજયકક્ષા ટેબલટેનીસ ઓપન એઇઝ, ૪૦ અને ૬૦ વર્ષથી ઉપરના ભાઇઓ-બહેનો** સ્પર્ધાનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવનાર છે. જે સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.જે આપના જિલ્લાના ખેલાડીઓની જાણ કરશો. તથા આપના જિલ્લાની ટીમની યાદીનું પ્રવેશપત્રો dsdo-rajkot@gujarat.gov.in મેઈલ પર તા.૦૭/૦૧/૨૦૨૬ સુધીમાં અચુક મોકલી આપવા વિનંતી છે.

**રાજયકક્ષા ટેબલટેનીસ ઓપન એઇઝ, ૪૦ અને ૬૦ વર્ષથી ઉપરના ભાઇઓ-બહેનો સ્પર્ધા કાર્યક્રમ**

| ૪૦ અને ૬૦ વર્ષથી ઉપરના ભાઇઓ-બહેનો સ્પર્ધા કાર્યક્રમ (સિંગલ્સ, ડબલ્સ, મિક્ષ ડબલ્સ ઇવેન્ટ) | |
|---|---|
| રીપોટીંગ તારીખ | ૦૯-૦૧-૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકેથી |
| સ્પર્ધાનું તારીખ | ૧૦-૦૧-૨૬ સવારે ૮:૦૦ કલાકેથી શરૂ |
| ઓપન વયજુથ-ભાઇઓ-બહેનો સ્પર્ધા કાર્યક્રમ (સિંગલ્સ, ડબલ્સ, મિક્ષ ડબલ્સ ઇવેન્ટ) | |
| રીપોટીંગ તારીખ | ૧૧-૦૧-૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકેથી |
| સ્પર્ધાનું તારીખ | ૧૨-૦૧-૨૬ સવારે ૮:૦૦ કલાકેથી શરૂ |
| રીપોટીંગ/ સ્પર્ધા સ્થળ | SAG સ્પોર્ટસ કોમ્પલેક્ષ, વિમલનગર રોડ, યુનિર્વસીટી પોસ્ટ ઓફિસ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ |
| રીપોર્ટીંગ/ કાર્યાલય સંપર્ક નંબર | શ્રી જે.એલ.ખોલકીયા – મો. ૯૪૨૯૫૮૯૨૨૯<br>શ્રી રમેશભાઇ સોઢા – મો. ૯૪૨૮૪૩૮૧૩૭ |
| નિવાસ સ્થળ | SAG સ્પોર્ટસ હોસ્ટેલ, પોલીસ કમિશનરશ્રી બંગ્લોની બાજુમાં, સીટી પોલીસ હેડ ક્વાટર્સની પાસે, રેસકોર્ષ, રાજકોટ. |
| નિવાસ સંપર્ક નંબર | શ્રી બ્રિજેશભાઈ – મો. ૭૬૯૮૮૨૧૯૯૩ |
| સ્પર્ધા કન્વીનર | શ્રી જીત ચોલેરા મો-૭૦૪૬૬૦૮૦૦૭<br>શ્રી આકાશ મુલચંદાણી- મો.- ૯૬૨૪૩૬૬૯૭૭ |
| ખેલાડીની સંખ્યા | સીંગલ્સ- ૨ ખેલાડી, ડબલ્સ – ૧ ટીમ (૨ ખેલાડી), મીક્ષ ડબલ્સ-૧ ટીમ (૨ ખેલાડી) + ૧ કોચ/મેનેજર કુલ = ૫ + ૧ = ૬ |

**નોંધ :-** ટી.એ.બીલ RTGS થી ચુકવવામાં આવશે. આથી ટીમ મેનેજરશ્રીએ આવવા જવાના પ્રવાસ ખર્ચ સાથે લઈ આવવાનો રહેશે. ટીમ મેનેજરશ્રીએ કેન્સલ ચેક અથવા બેંક એકાઉન્ટની પાસબુકની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

## -: <u>સ્પર્ધા અંગે અગત્યની સુચનાઓ</u> :-

૧. ખેલાડીઓનું નિયત નમુનાનું એલીજીબીલીટી સર્ટી ફોટો સાથે જે તે જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારી / જિલ્લા રમત વિકાસ અધિકારીની સહી-સિક્કા સાથેનું એલીજીબીલીટી ફોર્મ રજુ કરવાનું રહેશે.

૨. પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લઈને આવવાનું રહેશે.

૩. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.

૪. ઓનલાઈન કેએમકે આઈડી નંબરવાળા સ્પર્ધકો ને જ ભાગ લેવા દેવામાં આવશે. જેથી તમામ ખેલાડીઓના ફોટો આઈડી પ્રુફ સાથે આવવાનું રહેશે.

૫. તમામ જિલ્લામાંથી ૫ ખેલાડીઓ ટીમ સાથે માત્ર એક કોચ/મેનેજર મળી કુલ ૬ વ્યકિતને નિવાસ, ભોજનની વ્યવસ્થા અહિથી કરવામાં આવશે. અન્ય કોઈ શિક્ષક, વાલી કે વાહનના ડ્રાઈવરને સ્પર્ધાના સ્થળે કે નિવાસ સ્થળે એન્ટ્રી આપવામાં આવશે નહિ.જેની ટીમ મેનેજરશ્રીએ ખાસ નોંધ લેવાની રહેશે.

૬. સ્પર્ધામાં ભાગ લેવા આવનાર તમામ ખેલાડીઓ, કોચ, મેનેજરશ્રીઓએ સરકારી બસ. રેલ્વે કે અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે.અને ફરજીયાત ટીકીટ રજુ કરવાની રહેશે.અન્યથા પ્રવાસખર્ચ ચુકવવામાં આવશે નહિ.

૭ આ સ્પર્ધા નોક-આઉટ ફોરમેટમાં રમાડવામાં આવશે. સ્પર્ધા દરમ્યાન આખરી નિર્ણય ચીફ રેફરી/ નોડલ અધિકારીનો રહેશે.

૮. આવનાર ટીમના નિયત સંખ્યાના ખેલાડીઓ સાથે કોચ, મેનેજર સિવાઈ અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિતને ટીમ સાથે લાવવી નહિ.

૯. સ્પર્ધા/નિવાસ સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ ને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.

૧૦. સરકારશ્રીના નિયમ મુજબ ટુંકામાં ટુંકા અંતરની એસ.ટી સાદિ બસ/ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ મુસાફરી કરવાની રહેશે. મુસાફરીની ટીકીટ ટીમ મેનેજરે અવશ્ય રજુ કરવાની રહેશે. (ખાનગી/લકઝરી બસનું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે નહી.)

૧૧. નિવાસ સ્થળે નિયત કરેલ ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજ વસ્તુ જમા કરાવ્યા બાદ ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૧૨. સ્પર્ધામાં ખેલાડીઓ તેમજ અન્ય કોઇ વ્યક્તિને ખાનગી વાહનમાં મુસાફરી કરવાની થાય તો સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૩. સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓએ સ્પર્ધા કે મુસાફરી દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થાય તો તેની સંપુર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ/મેનેજરની રહેશે. આયોજકની રહેશે નહી.

૧૪. ટીમના મેનેજરશ્રીએ રૂમને લગાવવાનું તાળું પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિમતી સામાન સાથે લાવવો નહી અન્યથા જવાબદારી ટીમની પોતાની રહેશે.

**નોંધ:- આ પરીપત્રની નકલ ટીમ મેનેજરને અવશ્ય આપવી.**

જિલ્લા રમત વિકાસ અધિકારી
રાજકોટ

જિલ્લા રમતગમત અધિકારી
રાજકોટ

<u>સવિનય નકલ રવાના</u>:-

(૧) ડારેકટર જનરલશ્રી, સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૨) કલેક્ટરશ્રી, રાજકોટ જિલ્લો.
(૩) કમિશનરશ્રી,મહાનગરપાલિકા રાજકોટ.
(૪) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર.
(૫) આરોગ્ય અધિકારીશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ
(૬) માન. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ.
(૭) પ્રમુખ/મંત્રીશ્રી,ગુજરાત સ્ટેટ ટેબલટેનીસ એસોશીએશન,ગુજરાત રાજ્ય.(જરૂરી ટેકનિકલ ઓફિશીયલ સેવા ફાળવવા વિનંતી)
(૮) ટેબલટેનીસ સ્પર્ધા નોડલ ઓફિસરશ્રી/હેડ કોચશ્રી, એસ.એ.જી., ગાંધીનગર.

નિવાસ સ્થળ

રીપોર્ટીંગ /સ્પર્ધા સ્થળ

# -રમતના સામાન્ય નિયમો-

૧) આ સ્પર્ધા માન્ય એસોસીએસનના નિયમ પ્રમાણે રમાવવાની રહેશે.

૨) આ સ્પર્ધા નોક-આઉટ ફોરમેટમાં રમાડવામાં આવશે.

૩) દરેક જિલ્લા માંથી ઓપન, અબવ-૪૦, અબવ-૬૦ (ભાઇઓ- બહેનો) માં સીંગલ્સ- ૨ ખેલાડી, ડબલ્સ – ૧ ટીમ (૨ ખેલાડી), મીક્ષ ડબલ્સ-૧ ટીમ (૨ ખેલાડી) સ્પર્ધામાં ભાગ લઇ શકશે .અન્ય કોઇ ખેલાડી ભાગ લેવા દેવામાં આવશે નહી.

૪) સ્પર્ધાનો ડ્રો સ્પર્ધા તારીખે સવારે ૦૮:૦૦ કલાકે સ્પર્ધા સ્થળ પર સમિતિની સામે પાડવામાં આવશે.અને સ્પર્ધા દરમ્યાન નોડલ ઓફિસર/ચીફ રેફરી/ આયોજક સમિતિનો નિર્ણય આખરી રહેશે. જે ને પડકારી શકાશે નહી.

૫) આ સ્પર્ધા STIGA/STAG નાં ટેબલ ટેનીસના બોલથી રમાડવામાં રમાશે.

૬) આ સ્પર્ધા STIGA/STAG ના ટેબલ ઉપર રમાડવામાં આવશે.

૭) સ્પર્ધા દરમ્યાન જો કોઇ ખેલાડી કે મેચ ઓફિશીયલ નિર્ણય પર વાંધો હોય તો મેચ પહેલા કે મેચ બાદ ૩૦ મીનીટ અંદર લેખીત અરજી સાથે ૫૦૦ રૂ. પ્રોટેસ્ટ ફી ભરીને નોડલ ઓફિસર/સમિતિ સમક્ષ પ્રોટેસ્ટ નોધાવી શકશે. સમિત નિર્ણય આખરી રહેશે.